## ::નમુના–અ::

| મહે.સાંતલપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં, મુ.વારાહી.<br>આંક–૪૮ | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં | ૧૨૨૨/2023 |
| **ગુન્હાની વિગત** | |
| ગુન્હાની કલમ | ઈ.પી.કોડની કલમ–૪૨૭, ૪૪૭, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ–૧૮૩, ૧૮૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ |
| પ્રથમ માહિની અહેવાલ નં. | ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૨૨૧૦૪૭૨ |
| પોલિસ સ્ટેશન | સાંતલપુર પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | લખમણભાઈ માદેવભાઈ રવાભાઈ આહીર, રહે,બકુત્રા, તા.સાંતલપુર, જી.પાટણ. |
| ફરીયાદ પક્ષે રજુઆત | વિ.એ.પી.પી.શ્રી બી.જી.કેલા |
| આરોપીઓ | (૧).પુનાભાઇ નાગદાનભાઇ આચર, ઉ.વ.૬૫,<br>(૨).જીવણભાઇ પુનાભાઇ આચર, ઉ.વ.૩૭<br>(૩).રાણાભાઇ પુનાભાઇ આચર, ઉ.વ.૩૦,<br>(૪).બાબુભાઇ મોમાયાભાઇ આચર, ઉ.વ.૪૦, તમામ રહે. દાત્રાણા, તા.સાંતલપુર, જી.પાટણ. |

## ::નમુના–બ::

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૪/૧૧/૨૦૨૨ |
| પ્રથમ માહિની અહેવાલની તારીખ | ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૨૨૧૦૪૭૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| હુકમની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |

## ::નમુનો–ક::

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ.ફરીયાદપક્ષ**

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | સાહેદ લખમણભાઈ માદેવભા આહીરની | સોગંદપરની જુબાની |
| ૨ | પંચ સાહેદ દેવદાનભાઈ ભુરાભાઈ આહીર | સોગંદપરની જુબાની |
| ૩ | સાહેદ પ્રશાંત વિશળદેવ ની | સોગંદપરની જુબાની |
| ૪ | સાહેદ ગીરીશભાઈ આલાભાઈ આહીર ની | સોગંદપરની જુબાની |
| ૫ | ત.ક..અ.શ્રી દિલીપસીંહ પૃથ્વીસીંહ ની | સોગંદપરની જુબાની |

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

**અ.ફરીયાદ પક્ષ**

| **અ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૭ | ફરીયાદ |
| ૨ | ૩૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૩૬ | ડેપ્યુટ હુકમ |

**:જજમેન્ટ:–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામ આરોપીઓએ પોતાની ભેંસો જીવ નંગ આશરે ૩૫ થી ૪૦ જેટલી ફરીયાદીના ખેતરમાં ગે.કા. અપપ્રવેશ કરી કપાસના પાકમાં ભેલણ કરીને કપાસમાં આશરે રૂા. ૫૦,૦૦૦/– નુકશાન કરી ફરીયાદીને આરોપીઓ લાકડીઓથી મારવા દોડીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી જી.મે.સા.શ્રી ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ. તે મતલબની ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ સાંતલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા, તે અંગે સાંતલપુર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૨૨૧૦૪૭૨ થી ગુનો રજીસ્ટર થતા, તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામું કરી, આરોપીઓ વરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઇ.પી.કો. કલમ–૪૨૭, ૪૪૭, ૨૯૪ (ખ),

૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ–૧૮૩, ૧૮૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા અંગેનો આખરી અહેવાલ દાખલ કરેલ છે.

## (૨) પોલીસ કાર્યવાહી

ઇ.પી.કોડની કલમ–૪૨૭, ૪૪૭, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ–૧૮૩, ૧૮૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબની ફરીયાદ આ કામના ફરીયાદીએ સાંતલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે પી.એસ.ઓ.શ્રી દવારા ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૨૨૧૦૪૭૨ થી ગુન્હો નોંધવામાં આવેલ છે. સદર ગુન્હાની ત.ક.અ.શ્રીએ તપાસ કરતા પંચનામા કરી લગતા વળગતા સાહેદોના નિવેદન લઇ આરોપીની વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી

આ કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા, આરોપી હાજર થયેલ છે. અત્રેની કોર્ટ દવારા આરોપીઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે મળ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોકત ગુન્હા અંગેનુ આરોપીઓ વિરૂધ્ધ આંક–૪ થી તહોમતનામુ ફરમાવી આંક–૫ થી ૮ સુધી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની સામેના તહોમતનો ઇન્કાર કરતા, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

### ::મૌખિક પુરાવો::

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | સાહેદ લખમણભાઈ માદેવભાઈ આહીરની જુબાની |
| ૨ | ૩૦ | પંચ સાહેદ દેવદાનભાઈ ભુરાભાઈ આહીર ની જુબાની |
| ૩ | ૩૫ | સાહેદ પ્રશાંત વિશળદેવ ની જુબાની |

| | | |
|---|---|---|
| | | |
| ૪ | ૩૯ | સાહેદ ગીરીશભાઈ આલાભાઈ આહીરની જુબાની |
| ૫ | ૪૨ | ત.ક..અ.શ્રી દિલીપસીંહ પૃથ્વીસીંહ ની જુબાની |

**<u>::દસ્તાવેજી પુરાવો::</u>**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ | ફરીયાદ |
| ૨ | ૩૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૩૬ | ડેપ્યુટ હુકમ |

આ સીવાય ફરીયાદપક્ષે અન્ય પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષે પુરાવો બંધ કરવાનું મૌખિક રીતે જાહેર કરેલ હોય, ફરીયાદપક્ષનો પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

(૫) **<u>બચાવપક્ષનો પુરાવો</u>**

ઉપરોકત વિગતોએ રજુ ફરીયાદપક્ષના પુરાવાના અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અનુસાર આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી વિશેષમાં આરોપીઓએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬) **<u>દલીલો</u>**

આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો તથા આરોપી ના વિ.વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) **<u>મુદાઓ</u>**

**મુદા નં.(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામ આરોપીઓએ પોતાની ભેંસો જીવ નંગ આશરે ૩૫ થી ૪૦ જેટલી ફરીયાદીના ખેતરમાં

ગે.કા. અપપ્રવેશ કરી કપાસના પાકમાં ભેલણ કરીને કપાસમાં આશરે રૂા. ૫૦,૦૦૦/– નુકશાન કરી ફરીયાદીને આરોપીઓ લાકડીઓથી મારવા દોડીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી જી.મે.સા.શ્રી ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ. તે મતલબની ફરીયાદીએ આરોપીઓ વિરૂઘ્ધ સાંતલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા, તે અંગે સાંતલપુર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૨૨૧૦૪૭૨ થી ગુનો રજીસ્ટર થતા, તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામું કરી, આરોપીઓ વરૂઘ્ધ પુરતા પુરાવા મળી આવતા, તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ અત્રેની અદાલતમાં ઇ.પી.કો. કલમ– ૪૨૭, ૪૪૭, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ–૧૮૩, ૧૮૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કર્યો છે **?**

**મુદા નં.(૨) શું હુકમ ?**

(૮) ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

**મુદા નં.(૧) નકારમાં,**

**મુદા નં.(૨) આખરી હુકમ મુજબ**

**//નિર્ણય માટેના કારણો//**

(૯) આ કામે આરોપીઓ વિરૂઘ્ધના આક્ષેપીત ગુન્હાઓ તથા રેકર્ડ ઉપરનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા, પુરાવાનું પુનરાવર્તન ટાળવા માટે તથા સરળતાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. હાલના કેસની ચર્ચા કરતા પહેલા સદર કેસ સંબંધી કેટલીક કાયદાકીય જોગવાઇઓ અને ફોજદારી કાયદાના સ્થાપીત સિઘ્ધાંતો ઘ્યાને લેતા જરૂરી જણાતા હોય તેની ચર્ચા કરવી ન્યાયીક જણાય છે.

## ફોજદારી કાનુન શાસ્ત્રોના સિધ્ધાંત અને ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત

**(૧૦)** ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દ પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ રીતે કરવામાં આવેલ તેમજ કાનુન સમર્પીત કોઇ નિયમ પણ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત પર આધારીત છે. પુરાવાની મુલવણી ભારતીય પુરાવા કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલ ''સાબિત'' અને ''ના સાબિત'' વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકત વાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલ હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસેડી શકાય નહી અને તેથી બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. સદર ગુન્હામાં તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષની ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૩ મુજબ સચોટ પુરાવો રજુ કરીને આરોપી સામેનો ગુન્હાના તત્વો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે માત્ર સંભાવના દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરના તહોમતના ગુન્હાના તત્વો વાજબી શંકાથી પર પુરવાર કરવાના રહે છે. જયારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિધ્ધાંત પર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપીપક્ષ ફરીયાદપક્ષના પુરાવા દરમિયાન ઉલટતપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ મૌખિક પુરાવાને ત્રણ રીતે વર્ગીકૃત કરી શકાય, (૧) સંપૂર્ણ વિશ્વાસપાત્ર (૨) સંપૂર્ણ અવિશ્વાસનીય (૩) સંપૂર્ણ વિશ્વાસપાત્ર પણ નહી અને સંપૂર્ણ અવિશ્વાસનીય પણ નહી. કાયદાનો એવો કોઇ પ્રસ્થાપિત નિયમ નથી કે સાક્ષીના પુરાવાને હંમેશા સમર્થન મળવુ જ જોઇએ. કોઇ સાક્ષીના પુરાવાને સાચો માનવા અથવા તેવા પુરાવા પર આધાર રાખી આગળ વધવા માટે હંમેશા અન્ય સાક્ષીઓનું સમર્થન હોવુ જ જોઇએ તેવો પ્રસ્થાપિત નિયમ હોય જ ન શકે. સમર્થન એ કાયદાનો નહી પરંતુ ડાહપણનો નિયમ છે. ભારતીય ન્યાય પ્રણાલી મુજબ સાક્ષીઓની સંખ્યા મહત્વની નથી. પરંતુ પુરાવાની સંખ્યા મહત્વની નથી પરંતુ પુરાવાની ગુણવત્તા મહત્વની છે અને તેથી જ નિ:શંકપણે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૩૪ જણાવે છે કે, કોઇ હકીકત પુરવાર કરવા માટે અમુક સંખ્યામાં સાક્ષીઓ હોવા જરૂરી નથી પરંતુ કોઇ એક જ સાક્ષીના પુરાવાથી હકીકત પુરવાર થઇ શકે. આ સિધ્ધાંત નજર સમક્ષ રાખી રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં

આવેલ છે.

**<u>પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદાઓ</u>**

**(નોંધ:– નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર હાઈકોર્ટ પોતાના ચુકાદામાં ઠરાવેલ છે તેનો ભાવાર્થ ભાષાંતર કરવાથી બદલાઇ ન જાય તે હેતુને ધ્યાને રાખી જજમેન્ટના રીલેવન્ટ પેરા/શબ્દ પોતાના ચુકાદામાં જણાવેલ શબ્દશ: અનુવાદ કર્યા સીવાય લખવામાં આવેલ છે.)**

**<u>[1] cast iron perfection:</u>**a judge does not preside over a criminal trial,merely too see that no innocent man is punished.a judge also presides to see that guilty man does not escape.both are public duties.justice cannot be made sterile on the plea that it is better to let a hundred guilty escape than punish an innocent.letting the guilty escape is not doing justice according to law the proof beyond the reasonable doubt is mere guid-line and not fetish.reasonalble doubt is not an imaginary,trivial or merely possible doubt,but a fair doubt based upon reason and common sense.there cannot be a prosecution case with a cast-iron perfection in all respects and reason being that the perfection to that degree in ordinary course of human life is an utopian though.[jayantilal kuberdas sharma vs. state-2007 (1) GLR99]

**<u>[2] Miscarriage:</u>** A miscarriage of justice which may arise from the acquittal of guilty is not less then from the conviction of an innocent.[allarakha k.mansuri vs.state of gujarat-AIR 2002 SC 1051]

**<u>[3] Evolution:</u>** in the criminal case, the court

cannot proceed to consider the evidence of the prosection witnesses in a mechanical way.the board features of the prosecution case,the probabilities and normal course of human conduct of a prudent person are some of the factors which are always kept in mind while evaluating the merit of the case.[hardeep vs.state of hariyana and anr.AIR 2002 SC 3018]

**[4] Evidence as a whole:** the evidence cannot be read in piecemeal and defence cannot take advantage of reading some one or two portions here and there from evidence of witness.the evidence is require to be read as a whole and thereafter it is require to be weighed and appraised.

**[5] contradictions:**minor contradictions cannot effect the prosicution case only those contradictions that lead to version can have adverse impact.

**[6] Discrepancies:**normal discrepancies in evidence are those which are due to normal errors of observation,normal errors of memory due to lapse of time,due to mental disposition such as shock and horror at the time of occurrence and those are always there,however honest and truthfull a witness may be.material discrepancies are those which are not normal.and not expected of a normal person.courts have to label the category to which a discrepancy may be categorized.while normal discrepancies do not corrode the credibility of a party's case,material discrepancies do

so.[kulesh mondal vs.state of west bengal-AIR 2007 SC 3228]

## <u>ફરીયાદપક્ષે તેમનો કેસ સાબિત કરવા રજુ કરેલ મૌખિક પુરાવો :-</u>

**(૧૧)** ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે જો આરોપીઓ સામે રજુ કરવામાં આવેલ પુરાવો એક સળંગ સાંકળની જેમ એક કડીથી બીજી કડીને સાંકળે તેવો સળંગ પુરાવો રજુ કરવામાં આવે તો જ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય અને તેથી ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે ફરીયાદી લખમણભાઇ માદેવભાઇ આહીર નાઓને આંક-૧૬ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ બકુત્રા મુકામે તેઓ ના પારીવાર સાથે રહે છે અને ખેતી કરી તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને બકુત્રા ગામની સીમમાં ૧૦૭૭ વાળા જાંગરી વાળા નામનુ ખેતર આવેલ છે તથા દાત્રાણા ગામની સીમમા સર્વે નં.૪૪૫ વાળુ સીમાડીયુ નામનુ ખેતર આવેલ છે જે બન્ને ખેતરો જોડાજોડ આવેલા છે બાનવ સમયે તેમાં તેઓ એ કપાસનું વાવેતર કરેલ હતુ અને જે બન્ને ખેતરોની દેખરેખ તેઓ પોતે કરે છે. બનાવ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ સાંજે ચાર વાગ્યાના અરસામાં તેઓ ના ખેતરમાં બનેલો તે સમયે તેઓ તેઓના ખેતરમાં ગયેલા અને તેઓએ જોયુ તો તેઓના ખેતરમાં ત્રીસ થી ચાલીસ જેટલી ભેંસો તેઓનો પાક ચરતી હતી અને ત્યા ચાર માણસો પણ હતા જે માણસોને તેઓએ ઓળખેલા જેમાં પુનાભાઇ નાગદાનભાઇ, જીવણભાઇ પુનાભાઇ, રાણાભાઇ પુનાભાઇ તથા બાબુભાઇ મોમાયાભાઇ રહેવાસી તમામ દાત્રાણા વાળા જે ચારેય ઇસમો આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તેઓ તેઓના ખેતરના સેઢે ઉભા હતા અને તેમની ભેંસોને તેઓના ખેતરમાં ચરાવતા હતા જેથી તેઓએ તેઓની પાસે જઇ કહેલ કે તમારી ભેંસો મારા ખેતરની બહાર કાઢો જેથી તેઓ તેઓને ગંદી ગાળો જેવી કે ભોસડીના, તારી માને ઝધનારા(ચોદનારા) અને પછી બીજી બે ત્રણ ગાળો પણ બોલેલા અને તેઓને કહેલ કે તારાથી થાય તે કરી લે તો પણ તેઓએ તેમની ભેંસો કાઢેલી નહી જેથી તેઓએ તેઓની રીતે ભેંસો બહાર કાઢવા પ્રયત્ન કરેલો ત્યારે આ ચારેય જણા તેઓને લાકડીઓ લઇ મારવા આવેલા જેથી તેઓ ડરના માર્યા ત્યાથી ભાગી તેઓના ઘરે ભાગી ગયેલા અને

ઘરે જઇ તેઓએ તેઓના કાકાના દિકરા ગીરીશભાઇ આલાભાઇને વાત કરેલી અને વળી પાછા તેઓ બને તેઓના ખેતરે પાછા આવેલા અને તેઓ તેમનુ ખેતર જોતા તેઓનુ ખેતર ભેલાઇ ગયેલ હતુ અને તેઓના કપાસના પાકને અંદાજે રૂપીયા બે લાખનું નુકશાન થયેલુ પણ પોલીસે પચાસ હજારનું નુકશાન લખેલુ જેથી તેઓએ રાણાભાઇ આચરને ફોન કરી નુકશાનની હકિકત જણાવેલ જેથી તેઓએ તેમને કહેલ કે તને થયેલ નુકશાનનું વળતર આપી દઇશ અને ત્યારબાદ તેઓએ તેમના ફોનની રાહ જોયેલી પણ એમનો ફોન આવેલ નહી અને તેઓ તેઓને કહેવા લાગેલા કે તારાથી થાય તે કરી લે જેથી તેઓએ બે દિવસ સમાધાનની રાહ જોઇ પણ તેઓ સમાધાન માટે આવેલ ન હોય તેઓ વિરુધ્ધ બે દિવસ બાદ તેઓએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે. આ સિવાય બિજુ કઇ બનેલ નહી.તેઓ આજદીન સુધી દાત્રાણા ગામમા એકલા જઇ શકતા નથી કારણ કે તેઓને આરોપીઓની માર મારવાની ધમકી હોઇ બીક લાગતી હોય તેઓને બીજા માણસોને સાથે લઇ જવુ પડે છે અને તેઓને તેઓના ખેતરમાં પણ બીજા માણસ સાથે રાખવા પડે છે.

જયારે બચાવપક્ષ દવારા લેવામાં ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, તેઓ ધોરણ દસ સુધી ભણેલ છે. હાલ તેઓ બકુત્રા ગામે રહે છે. દાત્રાણા અને બકુત્રામાં મોટા ભાગે આચરોની વસ્તી વધારે છે. તેઓને કુલ પંદરેક વીઘા જેટલી જમીન છે જે સંયુક્ત રીતે આવેલી છે. સર્વે નંબર–૧૦૭૭ માં તેઓનુ તથા તેઓના ભાઇ સામતભાઇ નું નામ ચાલે છે સાહેદ જણાવે છે કે આ બન્ને ખેતરમાં તેઓ જ ખેતી કરે છે અને તેઓ જ દેખરેખ રાખે છે. કહેવાતા બનાવ સમયે ચોમાસાની સીઝન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પાક બરોબર પાકી ગયેલો હતો અને પાક લણવાની તૈયારીમાં હતો. તેઓ ભણેલા છે. કહેવાતા બનાવના દિવસથી આજદિન સુધી તેઓને આરોપીઓ સાથે કોઇ બોલાચાલી થયેલ નથી. તેઓને આરોપીઓએ કોઇ ધમકી આપેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓને વાયાવાયા બીજા માણસો દ્વારા ધમકીઓ આપે છે. આ બીજા માણસો કે જેઓ તેઓને ધમકીનું કહેલ તેઓના નામ તેઓને હાલ યાદ નથી. આરોપીઓ તથા તેઓ એક જ સમાજના છે અને બન્ને નજીક નજીકના ગામના છીએ. આ સિવાયની અન્ય હકીકતોને નકારી કાઢેલ.

***(૧૧.૧)*** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.ર તરીકે પંચ સાહેદ તરીકે દેવદાનભાઈ

ભુરાભાઈ આહીરનાઓને આંક–૩૦ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૦૭/૧૧/૨૨ ના રોજ સાંતલપુર પોલીસે એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી. પંચનામાની વીગતે તેઓ કંઇ જાણતા અને ત્યાથી કંઇ કબજે કરેલ હોય તેવું કાંઇ બનેલ નથી. તેઓને પંચનામાની ખરીનકલ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી અને જે તેઓ ઓળખી બતાવે છે છે. જેને રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે. સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરાયેલ છે.

જયારે બચાવપક્ષ દવારા લેવામાં ઉલટતપાસમાં પંચ સાહેદે જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરેલ, તે સીવાય બીજી કોઇ હકીકત જાણતા નથી.

***(૧૧.૨)*** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૦૩ તરીકે સાહેદ પ્રશાંત વિશળદેવનાઓને આંક–૩૫ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને. ૨૦૨૨ મા તેઓ સાંતલપુર મુકામે હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા અને તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ તેઓ તેઓની પીએસઓની ફરજ પર હાજર હતા તે દરમીયાન આહીર લખમણભાઈ મહાદેવભાઇ રહે.બકુત્રા વાળાઓ તેઓની રુબરુ ફરીયાદ હકીકત જણાવતાં તેઓએ તેઓના કહયા મુજબ તેઓની ફરીયાદ લઈ લીધેલ, ત્યારબાદ તેમને વાંચી સંભળાવી, તેઓએ તે નીચે તેમની સહી કરેલી અને રુબરુમાં તેઓએ તેઓની સહી કરેલી. જે આંક–૧૭ વાળી ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જે તે જ હોવાનું તેઓ ઓળખી બતાવે છે. ફરીયાદ અનુસંધાને તેઓએ સાંતલપુર પો.સ્ટે. ગુ.ર.નં.૪૭૨/૨૦૨૨ થી દાખલ કરી આગળની તપાસ એએસઆઇ દિલીપસિંહ પૃથ્વીસિંહનાઓને ડેપ્યુટ હુકમ આધારે સોંપેલી. જે ડેપ્યુટ હુકમમાં તેઓની સહી ઓળખી બતાવે છે આ સાથ રજુ કરે છે જેને રજુ દાખલ આંક–૩૬ આપવામાં આવે છે. તેઓએ આ કામે બીજી કાર્યવાહી કે તપાસ કરેલી નહી.

જયારે બચાવપક્ષ દવારા લેવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, ફરીયાદ ત્રણ દિવસ મોડી છે. તેઓએ આ કામે ગુનો રજીસ્ટર કરેલો અને અન્ય કોઇ તપાસ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ આ કામે ફરીયાદ લીધેલી. આ સિવાયની અન્ય હકીકતોને નકારી કાઢેલ.

*(૧૧.૩)* આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૦૪ તરીકે ગીરીશભાઈ આલાભાઈ આહીરનાઓને આંક–૩૯ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બકુત્રા મુકામે તેઓ ના પારીવાર સાથે રહે છે અને ખેતી કરી તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે. બનાવ બે ત્રણ વર્ષ અગાઉ સાંજના ત્રણથી ચાર વાગ્યાના અરસામાં લખમણભાઇના ખેતરમાં બનેલો. તે સમયે લક્ષ્મણભાઈના ખેતરમાં પુનાભાઇ નાગદાનભાઇ, જીવણભાઇ પુનાભાઇ, રાણાભાઇ પુનાભાઇ અને બાબુભાઇ મોમાયાભાઇ એમ ચારેય રહેવાસી દાત્રાણાવાળા તેમની ચાલીસથી પચાસ જેટલી ભેંસો ખેતરમાં મુકી ભેલાણ કરાવતા હતા જેથી લખમણભાઇએ તેઓને ઘરે બોલાવેલ. જેથી તેઓ લખમણભાઇ સાથે ખેતરે ગયેલ ત્યાં આગળ જઇને જોયુ તો તેઓના ખેતરમાં કપાસના પાકમાં આ ભેંસો ચરતી હતી અને આ ચારેય વ્યકિત ત્યાં આગળ હાજર હતા અને ભેસો ચરાવતા હતા જેથી તેઓ તેમને ભેંસો બહાર કાઢવા માટે વાત કરેલી પરંતુ તેઓ માનેલ નહી અને ગાળાગાળી કરવા લાગેલા અને તેઓની સાથે બળજબરી કરવા લાગેલ તેમ છતાં તેઓ ભેંસો બહાર કાઢેલી. ત્યારબાદ તેઓ આ કરેલ ભેલાણ બાબતે રાણાભાઇ પુનાભાઇ આચરને તેઓના ભાઇ લખમણભાઇએ ફોન કરીને હકીકતની જાણ કરેલી અને તેઓએ સમાધાન માટે વાતચીત કરેલી અને ત્યારબાદ બે દીવસ સુધી રાહ જોવા છતાં આરોપીઓ સમાધાન માટે આવેલ નહી અને જણાવેલ કે તમારાથી થાય તે કરી લો જેથી તેઓ સાંતલપુર પો.સ્ટે. ગયેલા. જયાં આગળ લખમણભાઇએ ફરીયાદ આપેલી અને પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ કામના આરોપીઓ નામદાર કોર્ટમા હાજર નથી જેમને જોયેથી ઓળખી શકે. આ ભેલાણના કારણે તેઓના કપાસના પાકને અંદાજે રૂપિયા ૨ લાખનુ નુકશાન થયેલું. આ સીવાય બીજુ કાંઇ બનેલ નહી.

જયારે બચાવપક્ષ દવારા લેવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, બકુત્રા અને દાત્રાણાની સામી એક જ છે આ કામના આરોપીઓ આહીર સમાજના હોય તેઓ તેમને ઓળખે છે.કહેવાતા બનાવ સમયે તેઓ ઘરે હતા. બકુત્રા અને દાત્રાણા ગામમાં મોટા ભાગના આહીર સમાજના લોકો વસવાટ કરે છે. એ વાતની તેઓને ચોકકસ ખબર નથી કે લખમણભાઇને કેટલી જમીન છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આશરે દસેક એકર જમીન છે. સાંતલપુર વિસ્તારમાં એરંડાનું વાવેતર થાય છે. વર્ષ–૨૦૨૨ માં ચોમાસાની સીઝનમાં પુષ્કળ પ્રમાણમાં વરસાદ પડેલ. લખમણભાઇ એ ચાર

દીવસ મોડી ફરીયાદ આપેલી. પોલીસ તેઓની પાસે બીજી વાર જવાબ લેવા આવેલ નહી. આ સિવાયની અન્ય હકીકતોને નકારી કાઢેલ.

***(૧૧.૪)*** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૦૫ ત.ક.અધિકારીશ્રી દિલીપસીંહ પૃથ્વીસીંહ નાઓને આંક–૪૨ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭/૧૧/૨૦૨૨ ના રોજ સાંતલપુર પો.સ્ટે. હાજર હતા તે દરમીયાન પી.એસ.ઓ.શ્રી પ્રશાંતભાઇ વીસળદેવ, બ.નં.૩૩ નાઓએ ગુના રજી.નંબર ૪૭૨/૨૨, આઇ.પી.સી. કલમ–૪૨૭, ૪૪૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ તથા ગુજરાત પંચાયત એકટની કલમ–૧૮૩, ૧૮૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી તેઓને આગળની તપાસ સારુ સોંપતા તેઓએ તે સંભાળી લીધેલ ફરીયાદી શ્રી લખમણભાઇ માદેવાભાઇ આચર, રહે.બકુત્રા, તા.સાંતલપુર વાળાઓએ લખાવ્યા મુજબની ફરીયાદ વાંચી કામે સામેલ રાખેલ. ત્યારબાદ બકુત્રા ગામે આવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કલાક–૧૫:૩૦ થી ૧૬:૩૦ સુધી કરી લીધેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ અને આરોપીઓને પોલીસ સ્ટેશન હાજર થવા માટેની નોટીસ આપવામાં આવેલી. ત્યારબાદ તા.૧૨/૧૧/૨૨ ના રોજ આરોપીઓ સાંતલપુર પો.સ્ટે. હાજર થતા નામદાર સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન મુજબ કાર્યવાહી કરવામાં આવેલ અને આરોપીઓ વીરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા પડતા હોય તા.૧૪/૧૧/૨૨ ના રોજ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં આપેલ. આ સીવાય તેઓએ બીજી કોઇ અન્ય કોઇ તપાસ કરેલ નહી.

જયારે બચાવપક્ષ દવારા લેવામાં ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ તા.૭/૧૧/૨૨ ના રોજ સાંતલપુર પો.સ્ટે.ખાતે તપાસ સંભાળેલી. કહેવાતી બનાવવાળી જગ્યા કોની માલીકીની હતી તેના કોઇ લેખીત આધાર પુરાવા તેઓએ તેઓની તપાસમાં રજુ કરેલ નથી. કહેવાતો બનાવ તા.૪/૧૧/૨૨ ના રોજ બનેલ. તે હકીકત ફરીયાદીએ બનાવમાં જણાવેલ છે પરંતુ ફરીયાદ તા.૭/૧૧/૨૨ ના રોજ આપેલ છે. ફરીયાદી લક્ષ્મણભાઇ અને ગીરીશભાઇ આલાભાઇ આહીર બંને કુટુંબી ભાઇઓ છે. સમગ્ર તપાસમાં ફરીયાદીના કુટુંબી ભાઇ ગીરીશભાઇ આલાભાઇ આહીર સીવાય અન્ય કોઇ તટસ્થ સાહેદોના નીવેદન તેઓએ નોંધેલા નહી. તેઓ કહેવાતી બનાવવાળી જગ્યાએ જતા તેની માલીકીના સાત–બાર,આઠ–અ તેમજ હકક પત્રકનો કોઇ અભ્યાસ કરેલ નહી. કહેવાતા આરોપીઓ અને ફરીયાદી બંને એક જ સમાજના

લોકો છે. આ સિવાયની અન્ય હકીકતોને નકારી કાઢેલ.

**(૧૨)** અહી ઉપરોકત પેરા નં.૪ માં નોંધ્યા મુજબ ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે જેનું મુલ્યાંકન કરતા નીચે મુજબ તેની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૩)** **<u>-: નિર્ણય માટેના કારણો અંગે પુરાવાનું મુલ્યાંકન :-</u>**

**(૧૪)** ઉપરોકત બંને પક્ષકારો રજુઆત તથા રેકર્ડ પર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ પુરાવાના મુલ્યાકંન વિશે જોઇએ તો કાયદાનો પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આ કામના આરોપીઓ સામેના આક્ષેપીત ગુન્હાની હકીકતોને નિ:શંકપણે પુરવાર કરવી પડે જેથી ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઇએ કે આરોપીઓએ જ ગુન્હો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એક પણ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનું પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે. પરંતુ જો ફરીયાદપક્ષને કેસની હકીકતો ઉપર વાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળે તેમ છે.

**(૧૫)** આ રીતે ફરીયાદપક્ષ દવારા ઉપર મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. ત્યારે તેઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કોડની કલમ-૪૨૭, ૪૪૭, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ-૧૮૩, ૧૮૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ ગુન્હાનો આક્ષેપ છે ત્યારે રેકર્ડ પર રજુ પુરાવો વંચાણે લઇએ તો હાલના કામે આંક-૧૬ થી ફરીયાદીશ્રી લખમણભાઇ માદેવભા આહીરનાઓને તપાસેલ છે. જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ સાંજે ચાર વાગ્યાના અરસામાં તેઓના ખેતરમાં બનેલાનું જણાવેલ છે અને તેઓને આરોપીઓએ ગાળો બોલેલાનું અને ધમકી આપેલાનું જણાવેલ છે. પરંતુ તેઓએ કબુલ રાખે છે કે, કહેવાતા બનાવના દિવસથી આજદિન સુધી તેઓને આરોપીઓ સાથે કોઇ બોલાચાલી થયેલી નહી અને તેઓને આરોપીઓએ કોઇ ધમકી આપેલ નહી. તેમજ શુ

ગાળો આપેલ તે કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવે છે પરંતુ તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. આમ, સમગ્ર ફરિયાદ તે મહત્વના વિરોધાભાસ જોવા મળે છે. તેમજ ફરીયાદીની ફરીયાદ ૩ દિવસ મોડી આપેલ છે તેમજ તેનુ કોઈ કારણ જણાવેલ નથી. આમ, ફરીયાદ હકીકત લખાવનાર બાબતે શંકા ઉપજાવનાર બને છે. તેમજ આંક-૩૧ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદે તેમની આંક-૩૦ ની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય તેઓ બીજુ કાંઇ જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, આ પંચ સાહેદની જુબાનીથી આંક-૩૧ વાળા પંચનામાને સમર્થન મળતુ નથી. વધુમાં આંક-૩૯ સાહેદ ગીરીશભાઇ આલાભાઇ આહીરને તપાસેલ છે જેઓ એ બનાવ નજરે જોયેલ ન હોવા છતાં ફરિયાદ મુજબની જુબાની આપે છે. તેમજ બનાવ સમયે તેઓ ઘરે હોવાનુ કબુલ રાખે છે. જેઓ ફરીયાદીનો ભાઈ થાય છે. આમ, પણ તેઓ ફરીયાદને અનુરૂપ હકીકત જણાવતા હોવાની માની શકાય. તેમજ ફરીયાદી તથા સદર સાહેદ બનાવ વખતે ચોમાસાની રુતુ તથા તે વખતે ખુબ વરસાદ થયેલાની હકીકત કબુલ રાખે છે. તેમજ હાલના કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાના કોઈ માલિકી આધાર પુરાવા પણ રજુ રાખેલ ન હોય અને બનાવ સમયે કહેવાતા ખેતરમાં પાક અંગેના અન્ય કોઈ પુરાવા રજુ રાખેલ ન હોય ત્યારે બનાવ અંગે શંકા ઉપજે છે. આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા ધ્યાને લેતા, ઉપરોકત તપાસેલ મહત્વના સાહેદોથી ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો આ કામના આરોપીઓએ જ કરેલ હોય, તેવી હકીકત સાબિત થતી ન હોય ત્યારે એક માત્ર ફરીયાદી અને ત.ક.અધિકારીની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

વધુમાં, આરોપીઓ પર ઇ.પી.કોડની કલમ-૫૦૬(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે સદરહું કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની જોતા, ઇ.પી.કોડની કલમ-૫૦૬(૨) હેઠળના આવશ્યક તત્વોનો અભાવ જોવા મળે છે. જે સંબંધે રેકર્ડ પરના પુરાવાઓ જોવામાં આવે તો, ફરીયાદી તેઓએ પોતાની જુબાનીમાં એવી કોઇ હકીકત જણાવતા નથી કે જેથી આરોપીને ઇ.પી.કોડની કલમ-૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવી શકાય. વધુમાં નામ.ગુજ. વડી અદાલતે ''પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન

નં.૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, In order to convict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened. આમ, નામ. ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે આરોપી દવારા અપાયેલ ધમકી તે ફરીયાદી/ભોગબનનારના મનમાં ભય પેદા કરે તેવી કોઈ હોવી જોઈએ. હાલના કામે આવી કોઈ હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ પરના પુરાવાના આધારે પુરવાર કરેલ નથી. ત્યારબાદ વધુમાં આ કામે આરોપીઓ પર જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે આ કામે ત.ક.અ.શ્રી દવારા પોલિસ કમિશ્નરશ્રીનું હથિયારબંધી જાહેરનામુ આ કામે તપસામાં સામેલ રાખેલ નથી.

(૧૬) તેમજ આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે sh.satish mehra vs delhi administration & anr. ના ચુકાદાઓમાં જે દિશાનિર્દેશ કરેલ છે કે, "when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date." ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનુ અવલોકન ધ્યાને લેતા, હાલના કેસમાં પણ મહત્વના અને ચાવીરૂપ સાહેદે ફરીયાદપક્ષના કેસને આરોપીની આક્ષેપીત ગુન્હાના કામે સંડોવણી પુરવાર થાય તેવુ સમર્થન આપેલ નથી. આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ દવારા આરોપી સામે આક્ષેપીત ગુન્હાના મહત્વના તત્વો પુરવાર થઈ શકેલ ન હોય, મુદદા નં.૧ નો જવાબ ''નકારમાં'' નિર્ણીત કરી, ન્યાયના હિતમાં મુદદા નં.ર માટે નીચે મુજબ ''આખરી હુકમ'' કરવામાં આવે છે.

**::: હુ ક મ :::**

૧. આ કામના આરોપી નં.(૧).પુનાભાઈ નાગદાનભાઈ આચર, ઉ.વ.૬૫, (૨).જીવણભાઈ પુનાભાઈ આચર, ઉ.વ.૩૭, (૩). રાણાભાઈ પુનાભાઈ આચર,

ઉ.વ.૩૦, (૪).બાબુભાઇ મોમાયાભાઇ આયર, ઉ.વ.૪૦, તમામ રહે. દાત્રાણા, તા.સાંતલપુર, જી.પાટણ વાળા ને તેમની સામેના આક્ષેપીત ઈ.પી. કોડની કલમ– ૪૨૭, ૪૪૭, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત વિલેજ પંચાયત એકટની કલમ–૧૮૩, ૧૮૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબંધે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સંબંધીત કેસ રેકર્ડનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમમાં આજરોજ અમારી સહી કરી ખુલ્લા અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૭/૨૦૨૬
મુ.વારાહી

(હેતલ જગદીશભાઇ ગઢવી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સાંતલપુર, મુ.વારાહી.
કોડ નં.જીજે ૦૧૫૧૯